ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તા:૦૪/૦૭/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,
................................, ભાવનગર.

**કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા**

## નેશનલ સાયન્સ સેમિનાર ૨૦૧૬નું થનાર આયોજન.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર છેલ્લા ૧૪ વર્ષથી ભાવનગર શહેર તથા જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક શાળાઓ, કોલેજો, વિવિધ મહિલા મંડળો તથા ખેડુતો માટે અનેકવિધ કાર્યક્રમો દ્વારા વિકસતા વિજ્ઞાનની સમજુતિ સાથે વૈજ્ઞાનિક અભીગમ કેળવાય તેવા સતત પ્રયત્નો કરી રહયું છે. જેમાં વિદ્યાર્થીઓ માટે જીલ્લા કક્ષાના વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે.

જે અંતર્ગત નેશનલ કાઉન્સીલ ઓન સાયન્સ મ્યુઝિયમ, મુંબઈ તથા નહેરુ સાયન્સ સેન્ટર, મુંબઈ દ્વારા નેશનલ સાયન્સ સેમિનાર–૨૦૧૬ ભાવનગર જિલ્લામાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા યોજાશે. આ સેમનિારનો વિષય **ટકાઉ ખાદ્ય સુરક્ષા માટે કઠોળ : શકયતાઓ અને પડકારો** **(Pulses for Sustainable Food Security: Prospects and Challenges)** રહેશે. જેમાં પ્રાથમિક વિભાગમાંથી ધો.૮ના એક (૧) વિદ્યાર્થી તેમજ માધ્યમિક વિભાગમાંથી ધો. ૯ અને ૧૦ નાં કોઈ પણ એક (૧) વિદ્યાર્થી ભાગ લઈ શકશે. સ્પર્ધકે પોતાના વિષયની રજુઆત વધુમાં વધુ ૫ મીનીટ સુધી કરવાની રહેશે.

આ જિલ્લા કક્ષાના નેશનલ સાયન્સ સેમિનાર–૨૦૧૬ ના કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતી શાળાઓએ તા. ૨૩ જુલાઈ, ૨૦૧૬ સુધીમાં સવારનાં ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦ કલાક દરમ્યાન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, 'વિજ્ઞાન ભવન',પ્લોટ નં.૨૨૦૬/૪–એ, પંજાબ નેશનલ બેંક વાળી શેરી, સંસ્કાર મંડળ પાસે, ભાવનગર ખાતે રૂબરૂ, ફોન પર (૨૫૭૦૧૧૦/૧૧૧) અથવા ઈ મેઈલ (**krcscbvn@gmail.com**) પર પોતાનું રજીસ્ટ્રેશન કરાવી લેવુ. તેવું કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના સંચાલકશ્રીની યાદીમાં જણાવાયું છે.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.